BAOU Education for All
NAAC A++
॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 : વર્ગખંડમાં બહુભાષીયતાને પ્રોત્સાહન

**Patel Daxaben Babubhai**

**Dr. Babasaheb Open University**

**Email : manan.s.patel23@gmail.com**

**સારાંશ :**

શિક્ષણ ક્ષેત્રનાં વિકાસમાં ભારતીય ભાષાની અસરને તપાસવાનો સંશોધન પત્રમાં સંશોધક દ્વારા NEP 2020 ના સદંર્ભે સમજાવવાનો એક પ્રયાસ થયો છે. NEP 2020 ના દસ્તાવેજોમાં વિદ્યાર્થીઓના શિક્ષણમાં માતૃભાષાના માધ્યમનો ઉપયોગ થાય તેમ સ્વીકારવામાં આવ્યું છે. હાલનું શિક્ષણ એ માત્ર ગોખણિયું જ્ઞાન બની રહ્યું છે. જ્યારે NEP 2020 નો હેતુ જ્ઞાન ઉપર્જનો છે. શિક્ષણને માત્ર નોકરી કે ડિગ્રી પરૂતું જ મર્યાદિત નહીં રાખતાં,વિદ્યાર્થીઓ જે શીખી રહ્યાં છે તે સમજી શકે અને તને વ્યવહારમાં ઉપયોગ કરતાં થાય એ મહત્વનુંછે. આના કારણેજ NEP 2020માં માતૃભાષાનાં મૂળિયાં મજબતૂ કરવાનો પ્રયત્ન કરીબાળકોને સમજણ સાથેનું જ્ઞાન આપવાનો પ્રયાસ કર્યો છે. આ સંશોધનને આધારે ભારતીય ભાષાઓ,ખાસ કરીને માતૃભાષા વિદ્યાર્થીઓનાં શિક્ષણ સાથે કેવી રીતે જોડાયેલી છે, તે સમજાવવામાં આવ્યું છે. પ્રસ્તતુ સંશોધનનો પ્રકાર ગુણાત્મક છે. સંશોધન પદ્ધતિ વિશ્લેષણાત્મક અને સહેતુક સંશોધનો પસદં કરવામાં આવ્યાં છે. દરેક સંશોધનોમાંથી મહત્વની બાબતો અને તેનાં તારણો નોંધવામાં આવ્યાં છે. જેના આધારે માહિતી નું અર્થઘર્થટન કરવામાં આવ્યું છે. 'વિદ્યાર્થીઓના પ્રત્યાયનમાં શૈક્ષણીક વિકાસમાં તથા સર્વાંગી વિકાસમાં ભારતીય ભાષાઓ હકારાત્મક રોલ ભજવેછે.' ઉપરોક્ત માહિતીનું અર્થઘર્થટન કરતાં આવાં તારણો મળ્યા છે.NEP2020માં લેવામાંઆવેલ આ ભલામણ વિદ્યાર્થીઓના શિક્ષણમાં હકારાત્મક બદલાવ લાવશે અને તેમનાં શિક્ષણને ગણુવત્તાના શિખરો તરફ દોરી જશે.

**ચાવીરૂપ શબ્દો :** રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020, બહુભાષીયતા

**પ્રસ્તાવના :**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 માં વર્ગખંડને કંઈક જુદી રીતે ઘડવાની વાત કરી છે. વિદ્યાર્થીઓનું મૌલિક ઘડતર કરી તેની અસરકારકતા વધારવા સંદર્ભે વાત કરવામાં આવી છે. જ્યારે વર્ગખંડમાં વિદ્યાર્થીઓની ભાષા પ્રાદેશિક અને ભારતીય હતી ત્યારે ભારતનું શિક્ષણ વિશ્વમાં અનુકર્ણીય હતું. આ વાતને ધ્યાનમાં લઇ ભારતીય

પરંપરાગત શિક્ષણ પદ્ધતિમાં પાછા જવા માટે ભારતના પ્રત્યેક વર્ગખંડમાં વિદ્યાર્થીને અંતરથી જોડવા માટે નવી શિક્ષણ નીતિમાં પ્રાદેશિક ભાષા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. પ્રસ્તુત સંશોધન પેપરમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ નો બહોળો સમજપૂર્વક અભ્યાસ કરવામાં આવ્યો છે. તેને આધારે ભાવી વર્ગખંડ કેવો હશે તેના ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે. જેને આધારે બાળક ઘરમાં જે ભાષા બોલે છે તે જ ભાષામાં તેનું શિક્ષણ થાય અને વળી અન્ય ભારતીય ભાષાઓ તથા આંતરરાષ્ટ્રીય ભાષાઓ પણ શીખતું થાય તેની ખાસ કાળજી લેવામાં આવી છે. ભાષાશાસ્ત્રીઓના મતે આદિમાનવ થી આજ સુધી પોતાની ભાષા અને સંકતો દ્વારા મનુષ્ય સંવાદ સાધતો આવ્યો છે. ભારતીય બંધારણ પ્રમાણે ભારતીય રાજ્યો ના નામ અને તેના પ્રદેશોની વહેંચણી પણ ભાષાના આધારે જ કરવામાં આવી છે. આમ ભારતીય સમાજમાં આદિકાળથી ભાષાનું મહત્વ રહ્યું છે. તેની પ્રતીતિ કરતો એક શ્લોક જોઈએ તો

केयुरा न विभूषयन्ति पुरुषं, हारा न चन्द्रोज्ज्वलाः,

न स्नानं न विलेपनं न कुसुमं, नालङ्कृता मूर्धजाः।

वाण्येका समलङ्करोति पुरुषं, या संस्कृतार्धायते,

क्षीयन्ते खलु भूषणानि सततं, वाग्भूषणं भूषणम्।।

( કેયુરા કે ચંદ્ર જેવા ઉજ્જવળ હાર પણ પુરુષોને શોભાવતા નથી. સ્નાન કે ચંદન, નદીનું વિલેપન અને પુષ્પો તથા અલંકૃત કરેલા કેસ પણ પુરુષોને સ્વભાવતા નથી. માત્ર સંસ્કૃતા વાણી જ વ્યક્તિની સાચી શોભા છે. ભૌતિક અલંકારો તો ખોવાઈ જાય, ચોરાઈ જાય, ક્ષીણ થઈ જાય પણ વાણીરૂપી આભૂષણ જીવન પર્યંત સાથે રહે છે.)

ભાષારૂપી વાળાઓમાં વહેંચાયેલા ભારતીય સમાજમાં ભાષા થકી ઐક્ય જાળવવાનો પ્રયાસ રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 માં કરવામાં આવ્યો છે. ભાષાને લઈને ભવિષ્યમાં કોઈ વ્યક્તિને નુકસાન ન વેઠવું પડે તે માટે વર્ગખંડમાં બહુભાષિતાને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. આ વાતને સાર્થક કરવા પ્રસ્તુત અભ્યાસમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિના સંદર્ભમાં વર્ગખંડમાં બહુભાષિતાનો ગુણાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે. વિશ્વના વિકસિત દેશો પોતાની માતૃભાષા ને પ્રાધાન્ય આપીને પ્રગતિના શિખરો સર કરી શક્યા છે. ત્યારે ભારતમાં પણ ભારતની વિવિધતાઓની વચ્ચે વિદ્યાર્થીઓ કોઈ મુશ્કેલી ન અનુભવે તે માટેની જોગવાઇ શિક્ષણનીતિ 2020 માં કરવામાં આવી છે અને એનો અર્થ પ્રસ્તુત સંશોધન પેપરમાં રજૂ કરવામાં આવ્યો છે.

**સંબંધિત સાહિત્ય સમીક્ષા :**

'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 : વર્ગખંડમાં બહુભાસીયતાને પ્રોત્સાહન' ઉપરોક્ત સંશોધનને ન્યાય મળી રહે માટે સંશોધકે 6 જેટલા સંશોધન પત્રો કે લેખોનો અભ્યાસ કર્યો છે જે નીચે મુજબ છે.

1) કુકરેટી (2020), NEP 2020 માં 'ભાષાનું શિક્ષણ- વ્યૂહરચના દર્શાવી' અંગ્રેજીની આવ્યશક્તાનું તેમજ NEP 2020 ની ભૂમિકા નું પણ વિશ્લેષણ કરવામાં આવ્યું. તેના આધારે માલુમ થાય છે કે, NEP 2020 માં ભારતીય ભાષાઓના સંવર્ધન અને બહુ ભાષ્યતાને સમૃદ્ધ બનાવવા પર ભાર મૂકેલ છે. માતૃભાષાનાં અપૂરતા જ્ઞાનને કારણે કનેક્ટિવિટી જળવાતી નથી જેના કારણે રોજગાર મેળવવામાં મુશ્કેલી થાય છે.

2) શર્મા ( 2021), 'ભારતીય ભાષાના મુદ્દાઓ અને બહુભાષીયતાના પાસાઓ' કેવી રીતે NEP 2020 એ પ્રાથમિકથી લઈ ઉચ્ચ શૈક્ષણિક સ્તર સુધીના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવશે.

3) રે (2021), 'બહુભાષાવાદના વિવિધ પાસાઓનો અભ્યાસ' ભારતમાં શિક્ષણ અને યુવા વિદ્યાર્થીઓ પર બહુભાષી અભિગમની અસરનું મૂલ્યાંકન કર્યું. તેણીની એ બહુભાષીયતા ના ફાયદા અને ગેરફાયદા વિશે વિગતવાર વર્ણન કર્યું છે.

4) સિંઘ (2021), 'વિકાસશીલ દેશોમાં અંગ્રેજી ભાષાની ભૂમિકા' તેમાં દલીલ કરી કે નવી શિક્ષણ નીતિ ભારતીય સ્નાતકોની રોજગાર ક્ષમતામાં ઘટાડો કરશે.

5) દેશમુખ(2022), 'વ્યવસાયિક કાર્યક્રમોમાં આકાર અને ની ભાષા તરીકે અંગ્રેજીનો ઉપયોગ' અંગ્રેજી પર ધ્યાન આપતાં તેઓ જણાવે છે કે, પ્રાદેશિક ભાષામાં પ્રાયોગિક ઘટકનું મૂલ્યાંકન કરી શકાય છે. છતાં પણ મૂલ્યાંકન એજન્સીઓ અંગ્રેજી જ વધારે પસંદ કરે છે. તેથી કૌશલ્ય આધારિત અભ્યાસક્રમો માટે પ્રાદેશિક ભાષાઓ અવરોધક બનશે.

6) કૌર (2022), 'પ્રાથમિક ધોરણે માતૃભાષાનાં ફાયદા તેમજ NEP 2020 માં ભાષાનીતિ અને અમલીકરણમાં અંતર વિશે ચર્ચા' જેમાં તેમણે નીતિની ટીકા કરી તેમજ તેના ફાયદાઓ બતાવતાં ઐતિહાસિક રીતે વંચિત અને ડાબેરી જૂથનો ફાયદો બતાવ્યો તો બીજી તરફ જાહેર શિક્ષણનું આક્રમક રીતે ખાનગીકરણ થાય છે, તેવું પણ ફલિત કર્યું.

**અભ્યાસના હેતુઓ :**

1) પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓની ગ્રહણ શક્તિ પર માતૃભાષાની અસર જાણવી.
2) માતૃભાષાની પકડ અને એના દ્વારા દ્વિતીય ભાષાઓના અધ્યયન પર થતી અસર તપાસવી.
3) ભારતીય ભાષાઓના અભ્યાસ દ્વારા સર્વાંગી વિકાસની શક્યતાઓ જાણવી.

**અભ્યાસના પ્રશ્નો :**

1) શું માતૃભાષા પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓની ગ્રહણ શક્તિ સુધારે છે ?
2) પ્રાદેશિક ભાષા દ્વિતીય ભાષાના અધ્યયનમાં કેવી રીતે મદદ કરે છે ?
3) શું ભારતીય ભાષાઓનો અભ્યાસ બાળકોના સર્વાંગી વિકાસમાં સહાયક બની શકે છે ?
4) શું પ્રાદેશિક ભાષા દ્વારા નિર્મિત શિક્ષણ ભારતને વિકસિત દેશોની હરોળમાં મૂકશે ?

**સંશોધનનો પ્રકાર :** ગુણાત્મક સંશોધન

**સંશોધન ની પદ્ધતિ** : વિશ્લેષણાત્મક

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ના આધારે વર્ગખંડમાં બહુભાષીયતા :**

પ્રત્યેક ભાષા માનવ- માનવ ને જોડનારી કડી છે. દરેક દેશના પરિવેશ અને પર્યાવરણને કેન્દ્રમાં રાખી ભાષાઓ આકાર પામતી હોય છે. દરેક રાષ્ટ્રની સંસ્કૃતિનું પ્રતિબિંબ એ રાષ્ટ્રની ભાષામાં ઝીલાય છે. પર્યાવરણ, પરીવેશ, જીવનશૈલી, સંસ્કાર અને સંસ્કૃતિ પ્રત્યે રાષ્ટ્રની મૌલિકતા દર્શાવે છે. એમાં નકલ ને કોઈ સ્થાન નથી. ગુજરાતી સાહિત્યકાર સુરેશ દલાલ કહે છે તેમ "જે સહસ છે તેનું શાસ્ત્ર ન હોય" આઝાદી મળ્યાં પછી શિક્ષણની ચિંતા ને લઈને ડોક્ટર રાધાકૃષ્ણન કમિટી 1948, ડોક્ટર મુદલીયા કમિટી 1955 અને કોઠારી કમિશન 1964 થી 66 ઘડાયા. જેમાં કોઠારી કમિશનના ભલામણ ને આધારે શિક્ષણની દશા અને દિશા નક્કી કરતી પ્રથમ રાષ્ટ્રીય નીતિ 68 માં બની. પ્રથમ શિક્ષણનીતિના થોડા ઘણા ફલિતાર્થ બાદ 1986 માં બીજી શિક્ષણ નીતિનું ગઠન થયું જેનું સંશોધન સ્વરૂપ 1992માં જનાર્દન રેડ્ડી કમિટી દ્વારા રજૂ કરાયું. તેની પૂર્તિ કરવા માટે અને સમયના માંગને આધીન અંતે 21મી સદીના જ્ઞાન આધારિત સમાજની રચના કરવા માટે ડોક્ટર કસ્તુરી રંગન કમિટીની ભલામણ ને આધારે 29- 7- 2019 ના રોજ કેબિનેટ મંજૂર કરેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 20-20 અમલી બનશે.

**NEP 2020 ની અગત્યતા :**

સાતત્યપૂર્ણ વિકાસ લક્ષ્યાંકો 2020 (સંયુક્ત રાષ્ટ્રો) ના લક્ષ્યાંક ક્રમાંક 4 માં પ્રતિબિંબિત અને ભારત દ્વારા 15 માં અપનાવેલ વૈશ્વિક શૈક્ષણિક વિકાસ કાર્ય સૂચિ પ્રમાણે "વર્ષ 2030 સુધીમાં વિશ્વના બધા જ લોકોને સમાવિષ્ટ અને સમાન ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ કરાવવું અને જીવંત પર્યંત અધ્યયન માટેની તકો ને પ્રોત્સાહન આપવું." આવા ઉચ્ચ ધ્યેયની સિદ્ધિ માટે ભારતીય શિક્ષણ પ્રણાલીમાં ફેરફાર જરૂરી હતાં, જેથી કરીને અસરકારક અધ્યયન અને કૌશલ્યના વિકાસ દ્વારા સાતત્યપૂર્ણ વિકાસ લક્ષ્યાંક 2030 ને પ્રાપ્ત કરવા માટે તથા તત્કાલીન તકનીકી જરૂરિયાતોને તથા ભાષાકીય આયામોને સિદ્ધ કરવા માટે નવી શિક્ષણ નીતિ ની જરૂરિયાત જણાયી.

તો વળી ભારત દુનિયાની સૌથી મોટી ત્રણ અર્થવ્યવસ્થાઓ પૈકીની એક બનવા તરફ અગ્રેસર છે ત્યારે આખા વિશ્વની અપેક્ષાઓ નીટ માંડીને બેઠી છે જેમાં ભારતીય બહુ જનમેદની તરફથી વૈજ્ઞાનિક, તકનીકી, જળવાયુ પરિવર્તન, પ્રદૂષણ, કૃષિ, ઉર્જા, સ્વચ્છતા વગેરે માટેની વૈશ્વિક દ્રષ્ટી ભારત તરફ રહી છે. વૈશ્વિક અપેક્ષાઓને પૂર્ણ કરવા ભારતીય સમુદાય સક્ષમ બને તે હેતુથી પણ નવી શિક્ષણ નીતિની જરૂરિયાત જણાયી.

21 મી સદીના આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્ટના યુગમાં વૈજ્ઞાનિકોએ ભારતીય સંસ્કૃત ભાષાને સૌથી શુદ્ધ ભાષા માની છે.ટેકનીકલ લેવલે કોમ્પ્યુટરમાં સંસ્કૃત ભાષાના ધ્વનિ ઘટકોનો ઉપયોગ વધશે. આથી વૈશ્વિક લેવલે સંસ્કૃત ભાષાના સ્કોલરની માંગ વધશે. સુષ્મા સ્વરાજજીના વિચાર પ્રમાણે ભારતે વૈશ્વિક લેવલની માંગને

સંતોષે તેવાં સ્કોલરો પેદા કરવા માટે પ્રયાસ કરવા. ભારતીય ભાષાઓની અગત્યતા જાણી ભાષાકીય પ્રભુત્વ મેળવવા માટે પણ શિક્ષણનીતિમાં ફેરફાર જરૂરી લાગ્યા.

તીવ્ર ગતિથી આવતા પરિવર્તનોને નાથવા માટે તથા બાળકમાં શીખતા રહેવાની આજીવન કલા વિકસાવવા માટે તથા આત્મ સાત કરેલા જ્ઞાનને બદલાતી પરિસ્થિતિના સંદર્ભે ઉપયોગ કરી, આત્મકેન્દ્રી, પ્રયોગશીલ અને સર્વગ્રાહી તથા લવચિકતા લાવવા માટે પણ નવી શિક્ષણ નીતિ ની જરૂરિયાત જણાયી.

**ભારતીય શિક્ષણનીતિ 2020 નું માળખું:**

વર્તમાન શિક્ષણનીતિમાં 10+2 ના માળખાને અનુસરે છે. જેમાં ફેરફાર કરી 5+3+3+4 નું નું કરવામાં આવ્યું છે. જે અંતર્ગત પ્રારંભિક બાળસંભાળથી લઈ 18 વર્ષ સુધી મર્યાદિત કરાયું છે. એમ છતાંય શિક્ષણનીતિના પ્રાવધાનો અંતર્ગત વ્યક્તિ આજીવન શીખતી રહે તેવા બહોળા ઉદ્દેશને ધ્યાનમાં લેવાયા છે.

શાળા શિક્ષણ માટે નવાં અને વ્યાપક રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાની રચના,NCFSC 2020-21, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ના સિદ્ધાંતોની તાકીદની આવશ્યકતાઓ; રાજ્ય સરકારો, મંત્રાલયો, કેન્દ્ર સરકારના સંબંધીત વિભાગો સહિતના હોદ્દેદારો અને અન્ય નિષ્ણાંત સંસ્થાઓ આ તમામ સાથે ચર્ચા કર્યા પછી NCRT દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવશે.જોઈતા પ્રસાધનો પ્રાદેશિક ભાષાઓમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણને શાળા શિક્ષણમાં દાખલ કરવાની પ્રક્રિયામાં સતત માર્ગદર્શન મળી રહે તે માટે એક ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવશે. પ્રિ-સ્કૂલથી પાંચમા ધોરણ સુધી માતૃભાષામાં શિક્ષણ આપવું. જેથી કરી પોતાની સંસ્કૃતિ પ્રત્યે પ્રેમ વિકસે અને બાળક તેને જાણતું થાય. માતૃભાષા દ્વારા શિક્ષણ આપવાથી સ્થાનિક ભાષા જીવંત તથા વિકસિત થશે. તથા અન્ય ભાષાઓના વિકાસ માટે પણ 'ત્રિભાષીય સૂત્ર' હેઠળ ગુણવત્તા યુક્ત શિક્ષણ માટેનું માળખું તૈયાર કરવું.

**વિવિધ ભાષાની ઉત્પત્તિ અને સ્થિતિ**

આજે વિશ્વમાં 6909 ભાષાઓ જેવી જ છે. જેમાંથી 389 એટલે કે 6% ભાષા એવી છે જેની બોલનાર ની સંખ્યા દસ લાખ કરતા વધુ છે, તથા વિશ્વની 94% વ્યક્તિઓને કોઈને કોઈ રીતે સ્પર્શે છે. બાકી 94% ભાષાઓ 6% લોકો દ્વારા બોલાય છે. ચીની, સ્પેનિશ, અંગ્રેજી, અરેબીક, હિન્દી, બંગાળી, પોર્ટુગીઝ, રશિયન, જાપાનીઝ, જર્મનીશ વગેરે વિશ્વની પ્રમુખ ભાષાઓમાં સ્થાન ધરાવે છે. આ વર્તમાન પરિસ્થિતિ હોવા છતાં પણ સંસ્કૃત તથા દક્ષિણ ભારતીય ભાષાઓ વિશ્વની પ્રાચીનતમ ભાષાઓમાં અગ્રણીય સ્થાન ધરાવે છે, એક સર્વે પ્રમાણે 283 જેટલી ભાષાઓ સંસ્કૃતમાંથી જન્મી છે જેમાં ગુજરાતી, હિન્દી, મરાઠી, બંગાળી વગેરે અર્વાચીન ભાષાઓમાં સમાવેશ થાય છે. ઇતિહાસકારોના મત મુજબ સાડા ત્રણ હજાર વર્ષ પૂર્વે આર્યોના સ્થળાંતરને કારણે ઈરાન થઈ ભારત સુધી આવેલા જૂથે જે ભાષા વિકસાવી તે 'ભારતીય યુરોપિયન કુળની'જેને સ્થાનિક ભાષામાં 'આર્ય ભાષા' તરીકે પણ ઓળખવામાં આવે છે.

**માતૃભાષામાં શિક્ષણ :**

ભારતીય બંધારણની કલમ 350 (A) અનુસાર દરેક રાજ્ય પ્રયાસ કરે કે, ભારતીય લઘુમતી જૂથોને પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં મળે. શિક્ષણ અધિકાર અધિનિયમની કલમ 29 (2) મુજબ શૈક્ષણિક સંસ્થાઓ પાસે અપેક્ષા રાખવામાં આવે છે કે, શક્ય હોય ત્યાં સુધીઅહીં રાજ્ય સરકારોને પોતપોતાની માતૃભાષામાં શિક્ષણ આપવાની સ્વતંત્રતા આપવામાં આવી છે. વિદ્યાર્થીઓ માતૃભાષામાં જ તેમનાં ઘર અને સામાજિક વાતાવરણથી ઘણી બધી પ્રવૃત્તિઓ શીખતા હોવાને કારણે, પ્રોફેસર યશપાલના નેતૃત્વમાં 'નવીનતમ દસ્તાવેજ રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક 2005' ના વિભાગ 3..1.1 મુજબ શાળાઓમાં શિક્ષણનું માધ્યમ માતૃભાષા હોવું જોઈએ. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 1968 ની કલમ 4 (3) મુજબ શિક્ષણના સ્તરમાં સુધારો કરવા માટે તેમજ જ્ઞાનના વિસ્તરણ માટે ભારતીય ભાષાઓ અને સાહિત્યને મજબૂત રીતે વિકસિત કરવામાં આવે. યુનોસ્કોના 2003 ના રિપોર્ટ મુજબ 'બહુભાષીય વિશ્વમાં શિક્ષણ' દિસાનિર્દેશન પ્રમાણે માતૃભાષામાં શિક્ષણ આપવાથી શિક્ષણના સ્તરમાં સુધારો થાય છે. તથા જ્ઞાન અને અનુભવમાં વૃદ્ધિ થાય છે. ઉપરોક્ત મુખ્ય ભાગોને સામેલ કરી સાચા અર્થમાં ભારતીય ભાષાઓને પ્રસ્થાપિત કરવા તથા ઉચ્ચ શિક્ષણમાં બહુભાષાવાદને પ્રોત્સાહન મળે તેના માટેNEP 2020માં ભાષાકીય પાસાને મજબૂત કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ઘણા ભારતીય મહાનુભાવો એ માતૃભાષાને પ્રબળ સમર્થન આપતાં નિવેદનો ટાંકી માતૃભાષા ની જરૂરિયાતને સમજીએ

મહાત્મા ગાંધીજી માતૃભાષાના પ્રખર સમર્થક હતાં.તેઓ કહે છે, "બાળકના દેહના વિકાસ માટે માતાનું દૂધ જેમ સ્વાભાવિક છે તેમ તેનાં મગજનાં વિકાસ માટે માતૃભાષા સ્વભાવિક છે. બાળકોનાં માનસિક વિકાસ માટે માતૃભાષા કરતાં જુદી ભાષા લાદવી એ માતૃભૂમિ સામેનો અપરાધ છે. વિકાસનું ચણતર માતૃભાષાના સંગીન ખડક પર રચાય આવી દેખીતી અને ખુલ્લી વાત કેવળ હિન્દુસ્તાન જેવા દુર્ભાગી દેશમાં જ સાબિત કરવી પડે"

ડો. એ પી જે અબ્દુલ કલામ કહે છે, "હું આજે વૈજ્ઞાનિક બની શક્યો છું કારણ કે, હું મારી માતૃભાષામાં ભણ્યો છું"

ગુજરાતી સર્જક અને ચિંતક એવા ગુણવંત શાહ કહે છે, "ભાષાનું પતન થાય તો દેશમાં સંસ્કાર, સંસ્કૃતિનું પતન થાય."

ભૂદાન યજ્ઞના પ્રણેતા વિનોબા ભાવે કહે છે કે, "શિક્ષણને જો સાર્વત્રિક અને સાર્વજનિક બનાવવું હોય તો તે માતૃભાષામાં જ આપવું જોઈએ નહીં તો સમાજમાં ભેદભાવની દીવાલ ઊભી થશે"

ડો.કૌશિક મહેતા કહે છે, "માતૃભાષા બાળક અને માતા વચ્ચેનું સ્નેહનો સેતુ છે જ પણ પેઢી દર પેઢી વચ્ચેનો સેતુ પણ છે."

માતૃભાષામાં અધ્યયનને લીધે વિદ્યાર્થીઓની સમજણ શક્તિનો વિકાસ થશે. જેનાં કારણે જુદી જુદી ભાષાઓનાં અધ્યયનથી શિક્ષણમાં શ્રેષ્ઠતા આવશે. તેમજ એવી યુવા પેઢીનું નિર્માણ થશે જે પૂર્ણ રૂપે ભારતીય મૂલ્યો અને પરંપરાઓને સમર્પિત હોય. આ ઉપરાંત આપણાં સમાજની જરૂરિયાતો અનુસાર સક્ષમ કુશળ ઉદ્યોગ સાહસિક યુવાનોનું નિર્માણ કરવાનું શક્ય બનશે. જે સમાજના જુદા જુદા ક્ષેત્રોનું નેતૃત્વ કરી શકશે અને ભારતની ગૌરવપૂર્ણ સંસ્કૃતિનો વાહક બનશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 થી આવા ઉત્તમ યુવાનોના નિર્માણ માટે ભારતીય સમાજ સક્ષમ મજબૂત અને આત્મનિર્ભર ભારતની કલ્પના સાથે આગળ વધશે.

**દ્વિતીય ભાષામાં શિક્ષણ :**

મેકોલિયન શિક્ષણ પદ્ધતિ ભારતીય પરંપરાગત શિક્ષણ પદ્ધતિને નાશ કરવામાં સક્ષમ રહી. આપણે માનસિક ગુલામી જ પ્રાદેશિક ભાષાઓના વિકાસમાં બાધક રહી. વૈદિક કાળથી લઇ 19મી સદીના મધ્ય ભાગ સુધી ભારતમાં શિક્ષણ માટે ગુરુકુળ ની વ્યવસ્થા હતી અને શિક્ષણનું માધ્યમ સંસ્કૃત અને પ્રાદેશિક ભાષાઓ જ હતી. ભારતીય ભાષાઓની તાકાતને કારણે ભારતીય શિક્ષણ પ્રણાલી વિશ્વવિખ્યાત અને ખૂબ જ મજબૂત હતી. તેના કારણે જ તત્કાલીન સમયે ભારત વિશ્વ ગુરુ હતું. તક્ષશિલા, નાલંદા, વિક્રમશીલા, વલભીપુર જેવાં ભારતીય વિશ્વના પ્રાચીન મહાન વિદ્યાલયો જગત મસૂર હતા. જ્ઞાન, વિજ્ઞાન, કલા, દર્શન, ધર્મ, યંત્રતંત્ર, ગાણિતિક વિદ્યાઓનું જ્ઞાન આપણી પ્રાદેશિક તથા સંસ્કૃત ભાષામાં જ આપવામાં આવતું.જ્યાં વિદેશી વિદ્યાર્થીઓને પણ પ્રવેશ આપવામાં આવતો. વિદેશી વિદ્યાર્થીઓ પણ સંસ્કૃત વિદ્વાનો પાસેથી સંસ્કૃત ભાષામાં જ સંપૂર્ણ જ્ઞાન મેળવતા. વિદેશી વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષાના જ્ઞાનને પોતાની ભાષામાં અનુવાદ કરી સંગ્રહ કરતાં અને પોતાના દેશમાં પહોંચાડતાં.

સંસ્કૃત ભાષાની શક્તિ તેમજ વૈજ્ઞાનિકતા જોઈ આંબેડકરે તો તેને રાષ્ટ્રીય ભાષા બનાવવાની તરફેણ કરેલી. તેની સંપૂર્ણ વૈજ્ઞાનિક અને તકનીકી દ્રષ્ટિકોણને કારણે જ કોમ્પ્યુટર વૈજ્ઞાનિકો પણ સંસ્કૃત ભાષાને વિશ્વની સૌથી શુદ્ધ ભાષા માને છે. એક સર્વે પ્રમાણે તમિલ ભાષાના લગભગ 42% શબ્દો સંસ્કૃત મૂળના છે. મોટાભાગની ભાષાઓ સંસ્કૃત મૂળ ની હોવાને કારણે સંસ્કૃતના અધ્યયન થી ભારતીય ભાષાઓમાં એકરૂપતા આવશે અને ભારતમાં ભાષાકીય એકરૂપતા સધાશે અને અખંડ ભારતનું સ્વપ્ન ફરીથી સાકાર થશે.

વિશ્વના વિકસિત દેશોએ પોતાની માતૃભાષામાં જ શિક્ષણ પદ્ધતિ વિકસાવી છે. એમની ઘર, સમાજની તથા સ્કૂલ અને વ્યવસાય ની ભાષા એક જ હોવાના કારણે પોતાની જ ભાષામાં અભ્યાસ કરવાની તક મળે છે. જેના કારણે વિદ્યાર્થીઓ રસપૂર્વક અને ગહનતા ભર્યો અભ્યાસ કરી શકતા હોવાના કારણે, તેઓ આપણા કરતાં વધારે સફળ થયેલા છે. કેટલાય સંશોધનોના તારણોને આધારે ભારતીય ભાષા અને ભારતીય અસ્મિતાને નવી ઓળખ મળી છે. ભારત અને વિશ્વમાં ફેલાયેલાં જ્ઞાનને ભારતીય ભાષાના માધ્યમથી વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાની તકનીક નવી શિક્ષણનીતિમાં કરવામાં આવી છે.

**વિદેશી ભાષામાં શિક્ષણ :**

નવી ભારતીય શિક્ષણનીતિમાં ત્રીજી ભાષા તરીકે વિશ્વની પ્રમુખ ભાષાઓ માની કોઈપણ ભાષા શીખવાનો પ્રાઉધાન પણ છે જ. જે અંતર્ગત એવાં વિદ્યાર્થીઓ કે જે વિશ્વની બીજી ભાષા, સંસ્કૃતિ વિશે જાણવા માંગતા હોય અને વૈશ્વિક લેવલનું જ્ઞાન પ્રાપ્ત કરવા માંગતા હોય તેવાં વિદ્યાર્થીઓ માટે ગુણવત્તા યુક્ત અંગ્રેજી ભાષાના શિક્ષણ ઉપરાંત, કોરિયન, જાપાનીઝ, થાઈ, ફ્રેન્ચ, જર્મન, સ્પેનીઝ, રશિયન, પોર્ટુગીઝ જેવી ભાષા શીખવાના વિકલ્પ પણ માધ્યમિક શાળા શિક્ષણના સ્તરે આપવામાં આવશે. જેથી કરી બાળક માત્ર સ્થાનિક ભાષાઓ પૂરતું મર્યાદિત અને કૂપમંડૂક ન બનતા વૈશ્વિક લેવલે વિશાળ પટમાં વિસ્તરે એવાં ઉંચ્ચ આયામો રખાયા છે. ભાષાના વિકાસ માટે જે તે દેશના સાંસ્કૃતિક પાસા નો ઉપયોગ કરી ભાષારમતો અને ભાષા અભિયાન માટેની એપ્લિકેશન સહિતની નવીન અનુભવી પદ્ધતિનો ઉપયોગ કરી ભાષાના શિક્ષણને અસરકારક બનાવાશે.

વિદેશી ભાષાઓથી આગળ વધી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 માં ભાષાઓ લખવા, બોલવાં,સાંભળવામાં અશક્ત વિદ્યાર્થીઓ માટે સાંકેતિક ભાષાની પ્રમાણિકરણ કરેલી આવૃત્તિઓ તૈયાર કરાશે સાથે સાથે જ્યાં શક્ય હશે ત્યાં સાંકેતિક ભાષાનું સન્માન કરી તેને શીખવવાનો પ્રાધાન પણ રખાશે.

**સંશોધનના તારણો :**

સંશોધકે ઉપર દર્શાવ્યા મુજબ સંશોધનોનો અભ્યાસ કરી તેમાંથી નીચેના તારણો તારવ્યાં છે.

1) બાળકના દસ વર્ષ સુધી માતૃભાષામાં શિક્ષણ અપાય તો સંસ્કારનો પાયો રચાય છે.
2) ડોક્ટર યશપાલ કપૂરના મત મુજબ માતૃભાષા ના 2500 શબ્દો આવડી જાય પછી જ વિદેશી ભાષા ઉમેરી શકાય છે.
3) ત્રણ થી પાંચ વર્ષ દરમિયાન શિશુ અનૌપચારિક શિક્ષણ ઘડતરમાં માતૃભાષાને સમજવાની પ્રક્રિયા ચાલતી હોય ત્યારે અન્ય ભાષાના શબ્દો પ્રક્રિયામાં અવરોધ ઊભો કરે છે.
4) પ્રાદેશિક ભાષામાં વિદ્યાર્થીઓની અધ્યયન અને ગ્રહણ ક્ષમતા મજબૂત બને છે.
5) વિદ્યાર્થીઓને અર્થપૂર્ણ રીતે પ્રત્યાયન, આંતરક્રિયા અને વિચારોની અભિવ્યક્તિ માટે પ્રાદેશિક ભાષાઓ ખૂબ જ મદદ કરે છે.
6) પ્રાદેશિક ભાષાઓના માધ્યમથી ગણિત, વિજ્ઞાન ભૌતિકશાસ્ત્ર, અર્થશાસ્ત્ર જેવાં કઠિન વિષયોની સંકલ્પના અને તેમાં સમાવિષ્ટ ખ્યાલો વધુ અર્થપૂર્ણ રીતે સમજાવી શકાય છે.
7) પાયામાં મળેલું માતૃભાષાનું જ્ઞાન અન્ય ભાષાના શિક્ષણમાં મદદરૂપ થાય છે.

**સંશોધનના ફલિતાર્થો:**

- પ્રાદેશિક ભાષાઓમાં અધ્યયન વિદ્યાર્થીઓના શિક્ષણ પર હકારાત્મકતા લાવે છે.
- શિક્ષકો તરીકે વિદ્યાર્થીની જ્ઞાન સર્જન પ્રક્રિયામાં માતૃભાષાનો વધુ ઉપયોગ થાય તે હિતાવહ છે.

- પ્રાદેશિક ભાષાના રસપ્રદ અધ્યયન થી ડ્રોપ આઉટ રેસીયો ઘટશે.
- પ્રાદેશિક ભાષાઓને લુપ્ત થતી અટકાવી શકાશે.
- ભારતીય બંધારણની આઠમી અનુસૂચિમાં વર્ણિત તમામ ભાષાઓમાં મોટી સખ્યામાં ભાષાશિક્ષકોની ભરતી કરવી.
- ભાષાઓને શીખવા માટે તથા ભાષા શિક્ષણને લોકપ્રિય બનાવવા માટે તકનીકીનો વ્યાપક ઉપયોગ કરવામાં આવશે.
- દેશનો દરેક વિદ્યાર્થી છ થી આઠ માં 'ભારતની ભાષાઓ' પર ક્યારેક 'એક ભારત શ્રેષ્ઠ ભારત' પહેલ હેઠળ ભારતની ભાષાઓ પર ફનપ્રોજેક્ટમાં ભાગ લેશે. આ પ્રોજેક્ટ અંતર્ગત ભારતીય ભાષાઓની નોંધપાત્ર એકતા વિશે શીખશે.
- જેમાં સામ્ય ધરાવતા ધ્વનિ એકમો અને વૈજ્ઞાનિક રીતે ગોઠવાયેલા મૂળાક્ષરો, લિપિયો તેમના સામ્યતા ધરાવતા વ્યાકરણને ઓળખવાનો પ્રયાસ કરશે.
- સંસ્કૃત અને અન્ય શાસ્ત્રીય ભાષાઓમાંથી શબ્દભંડોળના સમાનતા તથા તફાવત અને નિહાળતા થશે.
- આવી પ્રવૃત્તિઓ દ્વારા ભારતની એકતા અને સુંદર સાંસ્કૃતિક વારસા અને વિવિધતા બંનેનો અહેસાસ કરશે.
- ત્રિ ભાષા સૂત્રના વિકલ્પ સહિત વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણના અભ્યાસમાં પણ સંસ્કૃત ભાષાનો ઓપ્શન મળશે.
- શિક્ષકો તૈયાર કરતી સંસ્થાઓ બંને ભાષાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી પ્રશિક્ષણાર્થીઓ તૈયાર કરે તો તેનો લાભ ભવિષ્યના વિદ્યાર્થીઓને પ્રાપ્ત થઈ શકે.
- શિક્ષકો જો બંને ભાષાઓ યોગ્ય રીતે સમજી શકતા હશે તો, મહત્વની સંકલ્પનાઓ સમજાવતી વખતે બંને ભાષાઓના શબ્દોના પ્રયોગ દ્વારા વિદ્યાર્થીઓ વધુ અર્થપૂર્ણ અધ્યયન કરી શકશે.
- શાળાઓમાં અંગ્રેજી વિષય એક વિષય તરીકે ભણાવવામાં આવશે. જેથી કરી અર્થગ્રહણ કરી સમજણ સાથે નો અભ્યાસ થઈ શકે.
- સંશોધનો દ્વારા ગુણવત્તાયુક્ત પુસ્તકો તૈયાર કરવામાં આવે
- પ્રાદેશિક ભાષાનું ધોરણ ઉંચું લઈ જવા માટે ક્ષમતાવાન શિક્ષકોને ટ્રેનિંગ આપવામાં આવે.
- આમ ભારતે કેટલીય લુપ્ત થતી ભાષાને બચાવવાનો પ્રયાસ નવી શિક્ષણનીતિમાં કરવામાં આવશે.

**ઉપસંહાર :**

ભારતીય શિક્ષણનીતિ 2020 નું લક્ષ્ય માત્ર ભાષાવિકાસનો નહીં પરંતુ ભાષા દ્વારા જીવતી આપણી સંસ્કૃતિ અને પરંપરા ને જાળવવાનો પણ છે. પ્રાદેશિક ભાષાઓ દ્વારા બાળક પોતાનાં હેરિટેજ અને વારસાનું ગૌરવ કરતો થશે તથા વૈશ્વિક લેવલે પોતાનું સ્થાન ક્યાં છે તે વિચારતો થશે. ઉચ્ચ શિક્ષણમાં પણ પ્રાદેશિક ભાષામાં પુસ્તકો ઉપલબ્ધ કરાવવાનો પ્રાવધાન રાખ્યો છે ત્યારે બાળકો ઓઢમાં ન મુકાય માટે શિક્ષક ગણોએ

થોડી વધારે કાળજી રાખવી પડશે. આમ એકંદરે નવી શિક્ષણ નીતિ ભારતને વિકસિત દેશોની હરોળમાં સ્થાન અપાવવામાં મદદ કરશે.

**સંદર્ભસૂચિ :**


- ➔ રાષ્ટ્રીય શિક્ષણ નીશિ ૨૦૨૦, શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર
- ➔ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં ભારતીય ભાષાઓમાં શિક્ષણ : સ્થાનિક ભાષાઓના મૂળિયાં મજબૂત કરવાનો પ્રયાસ – Revoi.in
- ➔ Deshmukh, N. (2022). NEP 2020, Regional language and vocational education, International Journal of Creative Research Thoughts.
- ➔ Kour, D. (2022). NEP 2020 and language learning in India: A Critical Assessment, International Journal of Current Research.
- ➔ Kukreti, D. (2020). Language perspective and National Policy of Indian Government. International Journal of Current Research of Education, Culture and Society.
- ➔ Ray, R. (2021). Impact of Multilingual Approach to Education on Young Learners in India. Journal of Scientific Research of Banaras Hindu University
- ➔ Singh, A. (2021). Role of language in learning. International Journal of Social Science and Economic Research
- ➔ Sharma, J.K. (2021). National Educational Policy 2020 : Language Perspective. International Journal of Social Science and Economic Research.